# નોટીસ

તા.૦૫/૦૩/૨૦૨૧

ભારત સરકાર આયોજિત રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અંતર્ગત દેશભરના ૧૦ રાજ્યો માંથી ૧૦૦ વિદ્યાર્થીઓ માટેની "રાષ્ટ્રીય એકતા શિબિર"નું આયોજન એમ.જે.પી. રોહિલખંડ વિશ્વવિદ્યાલય, બરેલી (ઉત્તરપ્રદેશ)ખાતે હાથ ધરવામાં આવ્યું જેમાં શિબિર માટે સમગ્ર ગુજરાતભર માંથી N.S.S. "રાષ્ટ્રીય એકતા શિબિર ૨૦૨૧" માં ભાગ લેવા માટે ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ હતી જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ, તા.ખેરગામ, જિ.નવસારી ખાતે એસ.વાય.બી.એ. સેમ-૪માં અભ્યાસ કરતી રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S)ની સ્વયંસેવિકા, ગામ વાડ, રાન્ધા ફળિયાના રહેવાસી મનહરભાઈ ઠાકોરભાઈ પટેલ માતા નયનાબેન કે જેઓ વ્યવસાયે ખેતમજુર તેમની દિકરી કું.દમયંતિબેન પટેલની એકતા શિબિર માટે વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટી ના N.S.S. વિભાગ તરફથી પસંદગી કરવામાં આવી છે. હાલમાં તા.૧૦/૦૩/૨૦૨૧ થી તા.૧૬/૦૩/૨૦૨૧ સુધી ચાલનારી "રાષ્ટ્રીય એકતા શિબિર ૨૦૨૧"માં આ તાલીમમાં ભાગ લઈ ખેરગામ કોલેજ અને આદિવાસી વિસ્તારનું અને તાલુકાનું ગૌરવ વધારી રહી છે.

GOVT. ARTS & COMM. COLLEGE KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM Dist. Navsari.
Code No. : 630

સરકારી વિનયન અને વાણિજ્ય, કોલેજ ખેરગામ

તા. ખેરગામ જી. નવસારી, ૩૯૬૦૪૦

<u>પ્રવૃત્તિ પરવાનગી માટેનું અરજીપત્રક</u>

તા: 8/3/21.

પ્રતિ,
IQAC કો-ઓર્ડિનેટરશ્રી,
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ
તા.ખેરગામ જિ.નવસારી.
તા-

વિષય :- રાષ્ટ્રીય એકતા શિબિર

સુજ્ઞ મહાશયશ્રી,

સવિનય જયભારત સાથે લખી જણાવવાનું કે તા-10/3/21 થી તા. 16/03/21 નાં રોજ સમયઃ ______ થી ______ દરમ્યાન અત્રેની કોલેજમાં સેવા સમુદાય ધારા/વિભાગ NSS દ્વારા રાષ્ટ્રીય એકતા શિબિર ની ઉજવણી કરવા માંગીએ છીએ તો આપશ્રીને નમ્ર વિનંતી છે કે આ ઉજવણી કરવા માટે પરવાનગી આપશો. જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

Y.N. Tandel
ધારા /વિભાગ અધ્યક્ષની સહી

ઉપરોક્ત વિષયને અત્રેથી પરવાનગી આપવામાં આવે છે. /આપવામાં આવતી નથી(.______________).
આપની કક્ષાએથી ઘટીત કાર્યવાહી કરવા વિનંતી.

IQAC કો-ઓર્ડિનેટર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ
તા. ખેરગામ જી. નવસારી
તા.

ઉપરોક્ત વિષયને અત્રેની કક્ષાએથી ______________

GOVT. ARTS & COMM. COLLEGE KHERGAM

આચાર્યશ્રી
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No.: 630

# અહેવાલ

તા.૧૦/૦૩/૨૦૨૧ થી તા.૧૬/૦૩/૨૦૨૧

વિષય : સ્વયંસેવિકા કું. દમયંતિ પટેલ બરેલી, ઉત્તરપ્રદેશ ખાતે આયોજિત N.S.S. "રાષ્ટ્રીય એકતા શિબિર ૨૦૨૧"માં ભાગ લેવા બાબત.

ભારત સરકાર આયોજિત રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અંતર્ગત દેશભરના ૧૦ રાજ્યો માંથી ૧૦૦ વિદ્યાર્થીઓ માટેની "રાષ્ટ્રીય એકતા શિબિર"નું આયોજન એમ.જે.પી. રોહિલખંડ વિશ્વવિદ્યાલય, બરેલી (ઉત્તરપ્રદેશ)ખાતે હાથ ધરવામાં આવ્યું જેમાં શિબિર માટે સમગ્ર ગુજરાતભર માંથી N.S.S. "રાષ્ટ્રીય એકતા શિબિર ૨૦૨૧" માં ભાગ લેવા માટે ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ હતી જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ, તા.ખેરગામ, જિ.નવસારી ખાતે એસ.વાય.બી.એ. સેમ-૪માં અભ્યાસ કરતી રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S)ની સ્વયંસેવિકા, ગામ વાડ, રાન્ધા ફળિયાના રહેવાસી મનહરભાઈ ઠાકોરભાઈ પટેલ માતા નયનાબેન કે જેઓ વ્યવસાયે ખેતમજુર તેમની દિકરી કું.દમયંતિબેન પટેલની એકતા શિબિર માટે વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટી ના N.S.S. વિભાગ તરફથી પસંદગી કરવામાં આવી છે. હાલમાં તા.૧૦/૦૩/૨૦૨૧ થી તા.૧૬/૦૩/૨૦૨૧ સુધી ચાલનારી "રાષ્ટ્રીય એકતા શિબિર ૨૦૨૧"માં આ તાલીમમાં ભાગ લઈ ખેરગામ કોલેજ અને આદિવાસી વિસ્તારનું અને તાલુકાનું ગૌરવ વધારી રહી છે. આ અગાઉ હૈદરાબાદ સ્થિત અનુરાગ યુનિવર્સિટી ખાતે આયોજિત N.S.S. પ્રિ.રીપબ્લીક ડે પરેડ ૨૦૨૦-૨૧ માં ૨૦ નવેમ્બર થી ૨૯ નવેમ્બર સુધી ભાગ લઈ કોલેજ અને તાલુકાનું ગૌરવ વધારેલ છે. તેણીના માતા-પિતાએ ઉત્તરપ્રદેશ મોકલવા માટે ઉત્સાહ દર્શાવતાં દમયંતીને કોલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલે તેણીને પુષ્પ ગુચ્છ અર્પણ કરી શુભેચ્છાની સાથે ધન્યવાદ પાઠવ્યા હતા. પ્રોગ્રામ ઑફિસર પ્રા.સુનિલભાઈ એમ.જાદવ, પ્રા.વાય.એન.ટેડેલ, IQAC/NAAC કોઑર્ડિનેટર પ્રા.ધર્મરાજભાઈ ઈ ટેભરે, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા.જીગરકુમાર વી.પરમાર, સપ્તધારાના અધ્યક્ષ પ્રા.ડૉ.નીમુબેન એસ ચૌધરી, જી.એસ. હરિકૃષ્ણ પટેલ તેમજ સમગ્ર કોલેજ પરિવારે દમયંતીને અભિનંદન પાઠવ્યા હતા.

GOVT. ARTS & COMMERCE COLLEGE • KHERGAM •

Principal
Government Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.

# અહેવાલ

તા.૧૭/03/૨૦૨૧

વિષય : સ્વયંસેવિકા કું. દમયંતિ પટેલ બરેલી, ઉત્તરપ્રદેશ ખાતે આયોજિત N.S.S. "રાષ્ટ્રીય એકતા શિબિર ૨૦૨૧"માં સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહભાગી બની.

ભારત સરકાર આયોજિત રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અંતર્ગત દેશભરના ૧૦ રાજ્યો માંથી ૧૦૦ વિદ્યાર્થીઓ માટેની "રાષ્ટ્રીય એકતા શિબિર" માં અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ તા.ખેરગામ જિ.નવસારી ખાતે એસ.વાય.બી.એ.સેમ-૪ માં અભ્યાસ કરતી રાષ્ટ્રીય સેવા યોજના N.S.S. ની સ્વયંસેવિકા કું. દમયંતિબેન મનહરભાઈ પટેલની પસંદગી થતા તે તા.૧૦/03/૨૦૨૧ થી તા.૧૬/૩/૨૦૨૧ સુધી એમ.જે.પી. રોહિલખંડ વિશ્વ વિદ્યાલય, બરેલી ઉત્તરપ્રદેશ (U.P.) ખાતે 'રાષ્ટ્રીય એકતા શિબિર'માં ભાગ લેવા પહોંચી ગઈ હતી. શિબિર દરમ્યાન તેણીએ આઝાદીનો અમૃત મહોત્સવ પ્રસંગોચિત ૧૨ માર્ચ ૨૦૨૧ ના રોજ દાંડી યાત્રા કાર્યક્રમ, યાંત્રિક કારખાના, પૂર્વોત્તર રેલ્વે, ભારતીય પશુ ચિકિત્સાલય, અનુંસધાન સંસ્થાની મુલાકાત લીધી હતી. તેમજ એસ્કચેન્જ (બિહારી-ભોજપુરી), કાવ્ય સ્પર્ધા (નારી સશક્તિકરણ), ગીત (ભજન) ગુજરાતી ગરબો જેવા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહભાગી બની કોલેજનું નામ દિપાવ્યું, 'રાષ્ટ્રીય એકતા શિબિર'ના સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહુતી પ્રસંગે ખાસ ગૃપ ફોટો સેશન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં એમ.જે.પી.રોહિલખંડ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેસર પ્રા.ડૉ.કે.પી.સિંગ અને N.S.S વિભાગના રિજ્યોનલ ડાયરેકટર ડૉ.અશોક. સોથી તેમજ N.S.S. કો-ઑર્ડિનેટર ડૉ.સોમપાલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટી સુરત (ગુજરાત) ગૃપ ફોટો સેશન કાર્યક્રમમાં કુ.દમયંતી સહભાગી બની હતી. 'રાષ્ટ્રીય એકતા શિબિર' ના પ્રસંગમાં ભાગ લઈ કોલેજનું તેમજ વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટી સુરતના N.S.S. વિભાગનું ગૌરવ વધારેલ છે. જેની ખુશી વ્યક્ત કરતા કોલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ, પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.સુનિલભાઈ એમ.જાદવ, પ્રા.યોગેશકુમાર એન. ટંડેલ તેમજ સમગ્ર કોલેજ પરિવાર તેણીને અભિનંદન ની સાથે જીવનમાં ઉત્તરોતર પ્રગતિ કરે એવી શુભકામના પાઠવે છે.

GOVT. ARTS & COMMERCE COLLEGE • KHERGAM •

Principal,
Government Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.

દિવ્ય ભાસ્કર નવસારી 11-03-2021

# ખેરગામની છાત્રા ઉત્તર પ્રદેશમાં NSS રાષ્ટ્રીય એકતા શિબિર 2021માં ભાગ લેશે



ખેરગામ | ભારત સરકાર આયોજિત રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અંતર્ગત દેશભરના 10 રાજ્યમાંથી 100 વિદ્યાર્થી માટેની 'રાષ્ટ્રીય એકતા શિબિર'નું આયોજન એમ.જે.પી. રોહિલખંડ વિશ્વવિદ્યાલય, બરેલી (ઉત્તરપ્રદેશ)માં હાથ ધરવામાં આવ્યું છે. જેમાં શિબિર માટે સમગ્ર ગુજરાતમાંથી N.S.S. 'રાષ્ટ્રીય એકતા શિબિર 2021'માં ભાગ લેવા માટે 10 વિદ્યાર્થીની પસંદગી કરાઈ હતી. જેમાં ખેરગામ કોલેજમાં એસ.વાય.બી.એ. સેમ-4માં અભ્યાસ કરતી રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ની સ્વયંસેવિકા દમયંતિબેન પટેલની એકતા શિબિર માટે વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીના N.S.S. વિભાગ તરફથી પસંદગી કરવામાં આવી છે. હાલમાં 10થી 16 માર્ચ સુધી ચાલનારી 'રાષ્ટ્રીય એકતા શિબિર 2021માં આ તાલીમમાં ભાગ લઈ ખેરગામ કોલેજ અને આદિવાસી વિસ્તારનું અને તાલુકાનું ગૌરવ વધારી રહી છે. આ અગાઉ હૈદરાબાદ સ્થિત અનુરાગ યુનિવર્સિટીમાં આયોજિત N.S.S. પ્રિ.રિપબ્લીક ડે પરેડ 2020-21માં 20 નવેમ્બરથી 29 નવેમ્બર સુધી ભાગ લઈ કોલેજ અને તાલુકાનું ગૌરવ વધારેલ છે. વાડ ગામના રહેવાસી મનહરભાઈ ઠાકોરભાઈ પટેલ માતા નયનાબેન કે જેઓ વ્યવસાયે ખેતમજૂર તેમની દિકરીને તેણીના માતા-પિતાએ ઉત્તરપ્રદેશ મોકલવા માટે ઉત્સાહ દર્શાવતાં દમયંતીને કોલેજના આચાર્ય ડો.એસ.એમ.પટેલ તેમજ કોલેજ પરિવારના સભ્યોએ પુષ્પ ગુચ્છ અર્પણ કરી શુભેચ્છાની સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.

image 11 of 30

GOVT. ARTS & COMM. COLLEGE KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No. : 630

દિવ્ય ભાસ્કર

બારડોલી-વ્યારા ભાસ્કર 18-03-2021

# ઉત્તર પ્રદેશ ખાતે તાપી જિલ્લાની કોલેજના વિદ્યાર્થીઓએ NSS કાર્યક્રમમાં ભાગ લીધો

ભાસ્કર ન્યૂઝ | માયપુર

એમ.જે.પી. રોહિલખંડ યુનિવર્સિટી ઉત્તર પ્રદેશની રાષ્ટ્રીય એકતા શિબિરમાં સુરતની વીર નર્મદ યુનિવર્સિટીની કોલેજો વેડછી, બુહારી, વ્યારા, ધરમપુર, ખેરગામ, વાપી કોલેજના એન. એસ. એસના સ્વયં સેવક વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રાદેશિક નિર્દેશનાલય લખની ઉત્તરપ્રદેશ દ્વારા રાષ્ટ્રીય એકતા શિબિરનું આયોજન મહાત્મા જ્યોતિબા ફુલે યુનિવર્સિટી રોહિલખંડ બરેલીમાં 10 માર્ચથી 16 માર્ચ સુધી આયોજન કરવામાં આવ્યુ હતું. સાત દિવસીય શિબિરમાં દેશભરના 12 રાજ્યોના એન.એસ.એસના સ્વયંસેવક તથા કાર્યક્રમ અધિકારીઓ દ્વારા સહભાગી બની એકબીજાએ રાજ્યોની સંસ્કૃતિની આદાન પ્રદાનની પ્રવૃતિઓ દ્વારા કરી હતી. એમ.જે.પી. યુનિવર્સિટી રોહિલખંડ બરેલીના વ્યવસ્થામાં કરવામાં આવેલ શિબિર દરમ્યાન શિબિરાર્થીઓ દ્વારા વિવિધ પ્રવૃતીઓમાં ભાગ લઈ પોતાના રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ,ગુજરાતના દક્ષિણ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ સમાજસેવા મહાવિદ્યાલયના એન.એસ.એસ



ઉત્તર પ્રદેશ ખાતે વેડછી,વ્યારા,બુહારી સહિતની કોલેજના વિદ્યાર્થીઓએ એન.એસ.એસ.નાં કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

પ્રોગ્રામ ઓફિસર પ્રા.અમિતભાઈ બિરારીના નેતૃત્વમાં દિપકુમાર દેશમુખ-વેડછી કોલેજ, કૃતિક ચૌધરી- વ્યારા કોલેજ, આશિષ ગામીત-બુહારી કોલેજ, મોહનભાઈ થોરાટ-ધરમપુર કોલેજ, મેઘા અડાજનિયા-જે.ઝેડ શાહ, અને શિવાની વાળંદ જે.બી ધારુકાવાળા સુરત કોલેજ, દમયંતિબેન પટેલ ખેરગામ કોલેજ, મોનાલી વાળંદ નેત્રંગ કોલેજ, ઝંખના પટેલ રોફેલ કોલેજ તથા સનત પાડે કે.બી.એસ વાપી કોલેજના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય એકતા શિબિરમાં ભાગ લીધો હતો.



GOVT. ARTS & COMM. COLLEGE KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM Dist. Navsari.
Code No. : 630

તા.૦૮/૦૩/૨૦૨૧ થી ૧૬/૦૩/૨૦૨૧- ઉત્તર પ્રદેશ ખાતે "રાષ્ટ્રીય એકતા શિબિર" માં N.S.S. સ્વયંસેવિકા કુ. દમયંતિ પટેલ સહભાગી બન્યા.



GOVT. ARTS & COMM. COLLEGE
KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.










GOVT. ARTS & COMM. COLLEGE
KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.